# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેક્ટર-૧૦-એ, "છ-૩" સર્કલ પાસે, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦**
**ફોન નં- (૦૭૯) ૨૩૨ ૫૮૯૮૦ Web Site : www.gpsc.gujarat.gov.in**

**જાહેરાત ક્રમાંક : ૧૦/૨૦૧૯-૨૦ :** ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ તથા ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ની નીચે દર્શાવેલ જગ્યાઓ પર કુલ- ૯૭ ઉમેદવારો પસંદ કરવા માટે ઓન લાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://gpsc-ojas.gujarat.gov.in પર **તા.૧૫/૦૭/૨૦૧૯ (૧૩-૦૦ કલાક) થી તા.૩૧/૦૭/૨૦૧૯ (૧૩-૦૦ કલાક)** દરમ્યાન લોગ ઈન કરવાનું રહેશે. પસંદગીની પ્રક્રિયા માટે સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે.

**નોંધ:-** (૧) આ જગ્યાની સ્પર્ધાત્મક પરીક્ષાની પ્રિલિમિનરી પરીક્ષા સંભવત: ૧૩/૧૦/૨૦૧૯ ના રોજ યોજવામાં આવશે.
(૨) પ્રિલિમિનરી પરીક્ષાનું પરિણામ સંભવત: ડિસેમ્બર-૨૦૧૯ માં પ્રસિધ્ધ કરવામાં આવશે.
(૩) મુખ્ય લેખિત પરીક્ષા સંભવત: ૨૩ ફેબ્રુઆરી, ૦૮ માર્ચ અને ૧૫ માર્ચ-'૨૦ ના રોજ યોજવામાં આવશે.
(૪) મુખ્ય લેખિત પરીક્ષાનું પરિણામ સંભવત:જૂન-૨૦૨૦ માં પ્રસિધ્ધ કરવામાં આવશે.
(૫) રૂબરૂ મુલાકાત સંભવત: જુલાઇ-૨૦૨૦ માં યોજવામાં આવશે.

| જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | સા. શૈ. પ. વ. | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | સા. શૈ. પ. વ. | અનુ. જાતિ | અનુ. જનજાતિ | શારીરિક અશક્ત | માજી સૈનિક |
| **વર્ગ-૧** | | | | | | | | | | | | | |
| ગુજરાત વહીવટી સેવા, જુનિયર સ્કેલ નાયબ કલેક્ટર / નાયબ જિલ્લા વિકાસ અધિકારી | ૧૫ | ૦૯ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| નાયબ પોલીસ અધીક્ષક | ૨૦ | ૧૫ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લા/નાયબ રજિસ્ટ્રાર | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| અધીક્ષક, નશાબંધી અને આબકારી | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| મદદનીશ કમિશનર આદિજાતિ વિકાસ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| નાયબ નિયામક (અનુ. જાતિ કલ્યાણ) | ૦૭ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ | ૪૭ | ૨૯ | ૦૪ | ૦૬ | ૦૩ | ૦૫ | ૧૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ |
| **વર્ગ–૨** | | | | | | | | | | | | | |
| સેકશન અધિકારી (ગુ.જા.સે.આ.) | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર | ૧૦ | ૦૫ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ |
| રાજ્ય વેરા અધિકારી | ૦૫ | ૦૪ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| જિલ્લા નિરીક્ષક જમીન દફતર | ૦૫ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| આદિજાતિ વિકાસ અધિકારી | ૦૪ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| તાલુકા વિકાસ અધિકારી | ૧૫ | ૦૮ | ૦૧ | ૦૪ | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| સમાજ કલ્યાણ અધિકારી (અ.જા.) | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| અધીક્ષક, નશાબંધી અને આબકારી | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| મદદનીશ નિયામક (અન્ન અને નાગરિક પૂરવઠા) | ૦૫ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ | ૫૦ | ૩૦ | ૦૫ | ૦૭ | ૦૨ | ૦૬ | ૦૮ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ |

૧) ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ સંવર્ગમાં વિકલાંગ ઉમેદવારો માટેની ૦૧ અનામત જગ્યા ઓછી દ્રષ્ટિની ખામી ધરાવતા વિકલાંગ ઉમેદવારો (LV મોડરેટ કક્ષા ૪૦% થી ૭૫%) માટે અનામત છે.

૨) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, વર્ગ-૨ સંવર્ગમાં વિકલાંગ ઉમેદવારો માટેની ૦૧ અનામત જગ્યા શ્રવણની ખામી ધરાવતા વિકલાંગ ઉમેદવારો (HH-૪૦% થી ૧૦૦%) માટે અનામત છે.

**૧. શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો માટે**

**(૧) ઉપરની જગ્યાઓ પૈકી નીચે દર્શાવેલ જે તે જગ્યાઓની સામે દર્શાવ્યા મુજબની શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે:**

| જગ્યાનું નામ | અંધત્વ /ઓછી દૃષ્ટિ | શ્રવણની ખામી | હલનચલનની વિકલાંગતા |
|---|---|---|---|
| ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ | LV **મોડરેટ કક્ષા** | HH મોડરેટ કક્ષા | OA,OL,OAL |
| નાયબ પોલીસ અધીક્ષક,વર્ગ-૧ | - | | |
| જિલ્લા/નાયબ રજિસ્ટ્રાર, વર્ગ-૧ | B-LV-40% **થી** 100% | HH-40% **થી** 100% | OA, OL, OAL, BL |
| અધીક્ષક નશાબંધી અને આબકારી, વર્ગ-૧ | - | HH મોડરેટ કક્ષા | - |
| મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસ, વર્ગ-૧ | LV મોડરેટ કક્ષા | HH મોડરેટ કક્ષા | OL,OA, OAL |
| નાયબ નિયામક (અનુ. જાતિ કલ્યાણ), વર્ગ-૧ | LV **મોડરેટ કક્ષા** | HH મોડરેટ કક્ષા | OL,BL,OAL |
| સેકશન અધિકારી (ગુ.જા.સે.આ.), વર્ગ-૨ | B-LV-40% **થી** 100% | HH-40% **થી** 100% | BL,BLOA,OL,OA,OAL |
| મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,વર્ગ-૨ | B-LV-40% **થી** 100% | HH-40% **થી** 100% | OA, OL, OAL, BL |
| રાજ્ય વેરા અધિકારી , વર્ગ-૨ | B-LV-40% **થી** 100% | HH-40% **થી** 100% | BL,OA,OL |
| જિલ્લા નિરીક્ષક જમીન દફતર, વર્ગ-૨ | – | HH મોડરેટ કક્ષા | OA,OL |
| આદિજાતિ વિકાસ અધિકારી,વર્ગ-૨ | LV **મોડરેટ કક્ષા** | HH મોડરેટ કક્ષા | OA,OL,OAL |
| તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ | LV **મોડરેટ કક્ષા** | HH મોડરેટ કક્ષા | OA,OL,OAL |
| સમાજ કલ્યાણ અધિકારી (અ.જા.), વર્ગ-૨ | LV મોડરેટ કક્ષા | HH મોડરેટ કક્ષા | OL,BL,OAL |
| અધીક્ષક, નશાબંધી અને આબકારી, વર્ગ-૨ | - | HH મોડરેટ કક્ષા | – |
| મદદનીશ નિયામક (અન્ન અને નાગરિક પૂરવઠા), વર્ગ-૨ | B-LV-40% **થી** 100% | HH-40% **થી** 100% | OA,OL,OAL,BL |
| **મોડરેટ કક્ષા એટલે કે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા. B=Blind, LV =Low Vision, HH= Hearing Handicapped, OA=One Arm, OL=One Leg, OAL=One Arm & One Leg , BL=Both Leg, BLOA=Both Legs & One Arm** | | | |

(૨) જાહેરાતમાં (૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ, (૨) શ્રવણની ખામી, (૩) હલનચલનની વિકલાંગતા અથવા મગજનો લકવો એમ ત્રણ કેટેગરી પૈકી જે કેટેગરીની જગ્યાઓ આવા ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલ હશે તે જ કેટેગરીના ઉમેદવારો અરજી કરવાને પાત્ર બનશે.

(૩) શારીરિક રીતે અશકત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા. ૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડન્ટ / સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે.

(૪) શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોએ Online ફોર્મમાં Personal Details માં પોતાની અશકતતાની ટકાવારી / વિગત દર્શાવવાની રહેશે.

(૫) શારીરિક રીતે અશકત તથા માજી સૈનિક માટે અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓ પોતે જે કેટેગરીના (બિન અનામત/ અનુ.જાતિ/ અનુ.જનજાતિ/ સા.શૈ.પ.વર્ગ ) ઉમેદવાર હશે, તે કેટેગરીના ગણવામાં આવશે.

(૬) સા.વ.વિ.ના તા. ૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦૨૦૦૦-જીઓઆઈ- ૭-ગ.૨ મુજબ શારીરિક અશકતતા ૪૦% કે તેથી વધુ હોય તેમને જ શારીરિક અશકતતાના લાભો મળવાપાત્ર રહેશે.

<u>૨. શારીરિક માપ :</u>

| ક્રમ | વિગત | ઉંચાઈ (સેં.મી.) | છાતીનું માપ (સે.મી.) | | | વજન (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| | | | ફુલાવ્યા વગર (સે.મી.) | ફુલાવેલ છાતીનું (સે.મી.) | ફુલાવેલ છાતીનું પ્રમાણ (સે.મી.) | |
| ૧ | **નાયબ પોલીસ અધીક્ષક, વર્ગ-૧** | | | | | |
| ૧ | પુરૂષ ઉમેદવાર માટે | ૧૬૫ | ૮૪ | ૮૯ | ૫ | ૫૦ |
| ૨ | અનુ.જનજાતિના પુરૂષ ઉમેદવાર માટે | ૧૬૦ | ૮૪ | ૮૯ | ૫ | ૫૦ |
| ૩ | મહિલા ઉમેદવાર માટે | ૧૫૮ | - | - | - | ૪૫ |
| ૪ | અનુ. જનજાતિની મહિલા ઉમેદવાર માટે | ૧૫૬ | - | - | - | ૪૫ |
| ૨ | **અધીક્ષક નશાબંધી અને આબકારી, વર્ગ-૧** | | | | | |
| ૧ | પુરૂષ ઉમેદવાર માટે | ૧૬૫ | ૭૭ | ૮૨ | ૫ | ૫૦ |
| ૨ | અનુ.જનજાતિના પુરૂષ ઉમેદવાર માટે | ૧૬૦ | ૭૭ | ૮૨ | ૫ | ૫૦ |
| ૩ | મહિલા ઉમેદવાર માટે | ૧૫૮ | - | - | - | ૪૫ |
| ૪ | અનુ. જનજાતિની મહિલા ઉમેદવાર માટે | ૧૫૬ | - | - | - | ૪૫ |
| ૩ | **અધીક્ષક નશાબંધી અને આબકારી, વર્ગ-૨** | | | | | |
| ૧ | પુરૂષ ઉમેદવાર માટે | ૧૬૫ | ૭૯ | ૮૪ | ૫ | ૫૦ |
| ૨ | અનુ.જનજાતિના પુરૂષ ઉમેદવાર માટે | ૧૬૦ | ૭૬ | ૮૧ | ૫ | ૪૫ |
| ૩ | મહિલા ઉમેદવાર માટે | ૧૫૦ | - | - | - | ૪૫ |
| ૪ | અનુ. જનજાતિની મહિલા ઉમેદવાર માટે | ૧૪૫ | - | - | - | ૪૨ |

૩. નાગરિકત્વ:-

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ પરંતુ પેટાક્રમાંક (ખ),(ગ), (ઘ), અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

૪. અરજીપત્રક:-

(૧) બિન અનામત વર્ગના ઉમેદવારોએ , જો તેઓ પોસ્ટ ઓફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓન લાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો ( આર્થિક રીતે નબળા વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા શારીરિક રીતે અશક્ત ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામા આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી.

(૨) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો અરજી ફી ભરવાની રહેશે નહી.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે..(દા.ત.કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારોને મુખ્ય (લેખિત) પરીક્ષા માટે કામચલાઉ સફળ જાહેર કરેલ હશે તેવા ઉમેદવારોએ મુખ્ય (લેખિત) પરીક્ષા માટે ફરીથી ઓનલાઇન ફોર્મ ભરી, જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

## ૫. જન્મ તારીખ:–

(૧) આયોગ જન્મ તારીખ ના પુરાવા માટે એસ. એસ. સી. ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ .............. છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## ૬. વયમર્યાદા :–

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારે ૨૦ વર્ષ પૂરા કરેલા હોવા જોઇએ અને ૩૫ વર્ષ પૂરા કરેલ ન હોવા જોઇએ.

(૩) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ, એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા (ઓછામાં ઓછી પાંચ વર્ષની સંરક્ષણ સેવા) ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઇ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | ગુજરાત સરકારના કર્મચારીઓને વય મર્યાદામાં કોઇપણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

**૭. લાયકાત :**

(૧) પરીક્ષા માટે ઉમેદવાર ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઈપણ યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એક્ટ–૧૯૫૬ના સેકશન –૩ હેઠળ યુનિ. તરીકે પ્રસ્થાપિત થયેલ બીજી શૈક્ષણિક સંસ્થાની સ્નાતકની પદવી કે તેને સમકક્ષ લાયકાત ધરાવતા હોવા જોઈએ

(૨) અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં જે ઉમેદવારોના ૨૦ વર્ષ પુરા થયેલા હોય અને નિયત લાયકાતની પદવીના છેલ્લા સેમેસ્ટર/વર્ષની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ છે અથવા થનાર છે પરંતુ જેનું પરીણામ પ્રસિધ્ધ થયેલ ના હોય તેવા ઉમેદવારો પ્રિલિમિનરી પરીક્ષા માટે અરજી કરી શકશે, પરંતુ તેઓએ જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની પદવી મુખ્ય પરીક્ષા માટેની અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પ્રાપ્ત કરેલી હોવી જોઇશે. જે ઉમેદવાર એમ.બી.બી.એસ. અથવા અન્ય કોઈ તબીબી શાખાની પદવી પરીક્ષામાં ઉપસ્થિત થયા હોય અને જેનું પરીણામ જાહેર થવાનું બાકી હોય તેવા ઉમેદવારો પણ પ્રિલિમિનરી પરીક્ષાનું અરજીપત્રક ભરી શકશે. જો કે મુખ્ય પરીક્ષા માટે આયોગે જે ઉમેદવારોને લાયક ઠરાવેલ હોય તેવા ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના અરજીપત્રક સાથે પદવી પરીક્ષા પાસ કર્યા અંગેના પુરાવા મોકલવા ફરજિયાત છે.

(૩) જે ઉમેદવાર પદવી પરીક્ષા પાસ કર્યાનો પુરાવો રજુ કરી શકશે નહિ તેવા ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે નહિ.

(૪) જે ઉમેદવારોએ એમ.બી.બી.એસ.ની અથવા અન્ય કોઈ તબીબી શાખાની પરીક્ષા પસાર કરી હોય અને તેઓએ મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક ભરતી વખતે ઈન્ટર્નશીપ પૂર્ણ કરેલ ન હોય તો આવા ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના અરજીપત્રક સાથે યુનિ. અથવા સંસ્થાના સંબંધિત અધિકારીનું તેઓએ તબીબી પરીક્ષા પાસ કરેલ છે તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે અને તેઓને મુખ્ય પરીક્ષામાં શરતી પ્રવેશ આપવામાં આવશે.પરંતુ આવા ઉમેદવારોએ રૂબરૂ મુલાકાત સમયે અસલ પદવી પ્રમાણપત્ર અથવા યુનિ. અથવા સંસ્થાના સંબંધિત અધિકારીનું - પદવી પ્રમાણપત્ર મેળવવાની બધી જરૂરીયાતો ( ઈન્ટર્નશીપ પૂરી થયા સહિત ) ઉમેદવાર પૂર્ણ કરે છે તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**૮. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :–**

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ ના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬)(અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ–ક' મુજબનું અથવા નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ–૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬)(બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર'ની મહત્તમ અવધિ (Validity) ઈસ્યુ થયા–વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે, એટલે કે આ પ્રમાણપત્ર તા– ૦૧–૦૪–૨૦૧૭ ના રોજ કે ત્યારબાદ ઇસ્યુ થયેલ હોવું જોઇએ. પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬)(ક) પરિણિત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા–પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તેમની અરજી રદ્દ કરવામાં આવશે.

(૬)(ડ) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬)(ઇ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા–પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા–પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા–પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના ( અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ–ગ) માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રના નંબર અને તારીખ ઓન લાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા ,અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઈસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

## ૯. માજી સૈનિક

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે.

(૩) સામાન્ય વહીવટ વિભાગના તારીખ: ૦૯/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: આરઇએસ૧૦૮૫૩૪૩૩ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

## ૧૦. મહિલા ઉમેદવાર

(૧) મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૧૧. વિધવા ઉમેદવાર

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અચૂક લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે "વિધવા" બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે. જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## ૧૨. ના વાંધા પ્રમાણપત્ર:-

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે

પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.
(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

## ૧૩. ગેરલાયક ઉમેદવાર :-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૪. રૂબરૂ મુલાકાત :-

(૧)મુખ્ય પરીક્ષામાં આયોગે નિયત કરેલ લાયકી ગુણ મેળવનાર જગ્યાના આશરે ત્રણ ગણા ઉમેદવારોને મૌખિક કસોટી માટે બોલાવવામાં આવશે.
(૨) આ કસોટીમાં ઉમેદવારે હાજર રહેવું ફરજિયાત છે.

## ૧૫. કોમ્પ્યુટરનું જ્ઞાન :

ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ. આ પ્રકારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહિ.

## ૧૬. પગાર ધોરણ :

(૧) વર્ગ-૧ : પે મેટ્રીક્ષ લેવલ નંબર-૧૦ – રૂ.૫૬,૧૦૦-૧,૭૭,૫૦૦ તથા નિયમોનુસાર મળવાપાત્ર અન્ય ભથ્થાઓ. (૭મા પગારપંચ મુજબ)

વર્ગ-૨ : પે મેટ્રીક્ષ લેવલ નંબર-૮-રૂ.૪૪,૯૦૦-૧,૪૨,૪૦૦ તથા નિયમોનુસાર મળવાપાત્ર અન્ય ભથ્થાઓ. (૭મા પગારપંચ મુજબ)

(૨) અજમાયશી સમય દરમ્યાન ઉપરોકત દર્શાવેલ જગ્યાઓમાં ઈજાફો આપવામાં આવશે નહિ. તેમ છતાં સક્ષમ સત્તાધિકારી દ્વારા અજમાયશી સમય સંતોષકારક રીતે પૂર્ણ થયે ઈજાફો મંજૂર કરવામાં આવશે.
(૩) ગુજરાત સરકારની નોકરીમાં હોય તેવી વ્યક્તિઓનો પગાર ગુજરાત મુલ્કી સેવા નિયમો અનુસાર ઉપર્યુકત પગાર ધોરણમાં નિયત કરવામાં આવશે.
(૪) ફરજો : સરકાર તરફથી સંબંધિત જગ્યા માટે વખતો વખત સોંપવામાં આવે તે કામગીરી.
(૫) બઢતીની તકો : ઉપરોકત જગ્યાઓ પર નિમણૂક પામેલ ઉમેદવારો જે તે જગ્યાના ભરતી નિયમોનુસાર ઉપલી જગ્યાઓ પર બઢતી માટે લાયક ગણાશે.

## ૧૭. પરીક્ષાની રૂપરેખા તથા અભ્યાસક્રમ :-

(૧) પરીક્ષાની રૂપરેખા : સ્પર્ધાત્મક પરીક્ષા ક્રમાનુસાર બે તબક્કામાં યોજવામાં આવશે.

**(એ) પ્રિલિમિનરી પરીક્ષા (objective type) : મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારો પસંદ કરવા અને (બી) મુખ્ય પરીક્ષા (લેખિત અને રૂબરૂ મુલાકાત) નિશ્ચિત જગ્યાઓ માટે આખરી પસંદગી માટે ઉમેદવારો પસંદ કરવા. ઉમેદવારોની આખરી પસંદગી મુખ્ય પરીક્ષામાં મેળવેલ ગુણના ( મુખ્ય લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ + રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણ ) આધારે કરવામાં આવશે.**

**(૨) પ્રિલિમિનરી પરીક્ષા (objective type) :**

| ક્રમ | વિષય | કુલ ગુણ | સમય |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર-૧ | સામાન્ય અભ્યાસ-૧* | ૨૦૦ ગુણ | ૧૮૦ મીનીટ |
| પ્રશ્નપત્ર-૨ | સામાન્ય અભ્યાસ-૨* | ૨૦૦ ગુણ | ૧૮૦ મીનીટ |
| | કુલ | ૪૦૦ ગુણ | |

*** પ્રશ્નપત્ર- ૧ અને ૨ નું સ્તર (standard) સ્નાતક કક્ષાનું રહેશે.**

**(૩) મુખ્ય પરીક્ષા (લેખિત) (descriptive type) :**

| ક્રમ | વિષય | કુલ ગુણ | સમય |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર-૧ | ગુજરાતી ભાષા | ૧૫૦ ગુણ | ૧૮૦ મીનીટ |
| પ્રશ્નપત્ર-૨ | અંગ્રેજી ભાષા | ૧૫૦ ગુણ | ૧૮૦ મીનીટ |
| પ્રશ્નપત્ર-૩ | નિબંધ | ૧૫૦ ગુણ | ૧૮૦ મીનીટ |
| પ્રશ્નપત્ર-૪ | સામાન્ય અભ્યાસ-૧ | ૧૫૦ ગુણ | ૧૮૦ મીનીટ |
| પ્રશ્નપત્ર-૫ | સામાન્ય અભ્યાસ-૨ | ૧૫૦ ગુણ | ૧૮૦ મીનીટ |
| પ્રશ્નપત્ર-૬ | સામાન્ય અભ્યાસ-૩ | ૧૫૦ ગુણ | ૧૮૦ મીનીટ |
| | કુલ | ૯૦૦ ગુણ | |

**(૪) મૌખિક કસોટી :** 100 Marks

**(૫) અભ્યાસક્રમ : પ્રિલિમિનરી પરીક્ષા** (objective type) **તથા મુખ્ય પરીક્ષા (લેખિત) નો વિષયવાર અભ્યાસક્રમ** (syllabus) **આયોગની વેબસાઈટ** www.gpsc.gujarat.gov.in **પર મુકવામાં આવેલ છે.**

**(૬) ગુજરાતીના પ્રશ્નપત્રનું સ્તર** (standard) **ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ગુજરાતી વિષય (ઉચ્ચ કક્ષા) જેટલું રહેશે.**

**(૭) અંગ્રેજીના પ્રશ્નપત્રનું સ્તર** (standard) **ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અંગ્રેજી વિષય (નિમ્ન કક્ષા) જેટલું રહેશે.**

**(૮) સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્રનું સ્તર** (standard) **અને અભ્યાસક્રમ સ્નાતક કક્ષાનો રહેશે.**

**(૯) અંધ ઉમેદવારોને પ્રિલિમિનરી અને મુખ્ય લેખિત પરીક્ષામાં પેપર દીઠ પ્રતિ કલાકે ૨૦ મિનિટનો વળતર સમય** (COMPENSETORY TIME) **આપવામાં આવશે.જેની મંજૂરી પરીક્ષા અગાઉ આયોગ પાસેથી લેવાની રહેશે.**

**(૧૦) પ્રિલિમિનરી પરીક્ષા એ માત્ર** screening test **છે. જેના ગુણ આખરી પસંદગી માટે ધ્યાને લેવામાં આવશે નહીં.**

**(૧૧) પ્રિલિમિનરી પરીક્ષાના પરિણામને આધારે જાહેરાતમાં દર્શાવેલ કુલ જગ્યાઓના આશરે ૧૫ (પંદર) ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.**

**(૧૨) પ્રિલિમિનરી પરીક્ષાનું માધ્યમ સામાન્ય રીતે ગુજરાતી અને અંગ્રેજી રહેશે, જ્યારે મુખ્ય લેખિત પરીક્ષાના પ્રશ્નપત્ર-03 થી પ્રશ્નપત્ર-0૬ (સામાન્ય અભ્યાસ ૧,૨,૩ અને નિબંધ)ના પ્રશ્નોના ઉત્તરો ઉમેદવાર ગુજરાતી અથવા**

અંગ્રેજી ભાષામાં લખી શકશે. કોઇ એક પ્રશ્નપત્રના અલગ અલગ પ્રશ્નો માટે ઉમેદવાર ગુજરાતી અથવા અંગ્રેજી ભાષામાં ઉત્તર લખી શકશે. મુખ્ય લેખિત પરીક્ષાના પ્રશ્નપત્ર–૧ નું માધ્યમ માત્ર ગુજરાતી અને પ્રશ્નપત્ર–૨ નું માધ્યમ માત્ર અંગ્રેજી રહેશે.

## ૧૮. પરીક્ષામાં પ્રવેશ :

(૧) જરૂરી ફી સાથે અરજી કરનાર દરેક ઉમેદવારને અરજીની ચકાસણી કર્યા સિવાય પ્રિલિમિનરી પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારોને મુખ્ય (લેખિત) પરીક્ષા માટે કામચલાઉ સફળ જાહેર કરેલ હશે તેવા ઉમેદવારોએ મુખ્ય (લેખિત) પરીક્ષા માટે ફરીથી ઓનલાઇન ફોર્મ ભરી, જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

(૩) ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકોની ભરતી નિયમો અને જાહેરાતની જોગવાઈ મુજબ ચકાસણી કરવામાં આવશે અને આ જોગવાઈ સંતોષતા ઉમેદવારોને જ મુખ્ય લેખિત પરીક્ષા માટે લાયક ઉમેદવાર ગણવામાં આવશે.

(૪) મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગના નિર્ણય સામે કોઈપણ પત્ર વ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

## ૧૯. પરીક્ષા કેન્દ્રોની વિગત :

(૧) પ્રિલિમિનરી પરીક્ષા માટે ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઇને આયોગ દ્વારા પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવે તે પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા આપવાની રહેશે. મુખ્ય લેખિત પરીક્ષા અમદાવાદ / ગાંધીનગર ખાતે તથા મૌખિક કસોટી ગાંધીનગર ખાતે લેવામાં આવશે.

(૨) પ્રિલિમિનરી પરીક્ષા માટે પરીક્ષાનું સ્થળ, પરીક્ષાની તારીખ, પરીક્ષાના સમયની માહિતી આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in ઉપર મુકવામાં આવશે અને પ્રિલિમિનરી પરીક્ષા માટેના પ્રવેશપત્ર https://gpsc-ojas.gujarat.gov.in વેબસાઈટ પરથી ઉમેદવારોએ ડાઉનલોડ કરવાના રહેશે. આ માટે આયોગ દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવશે.

(૩) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા, મુખ્ય લેખિત પરીક્ષા તથા મૌખિક કસોટીમાં તેમના પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

(૪) અનુ.જાતિ અને અનુ.જનજાતિના ઉમેદવારોને મૌખિક કસોટી માટે ગાંધીનગર આવવા માટે પોતાના રહેઠાણના સ્થળેથી ગાંધીનગર અને ગાંધીનગરથી રહેઠાણના સ્થળે પરત જવા માટે બીજા વર્ગનું રેલવે ભાડું અથવા અગર એસ.ટી. ભાડું સરકારના નિયમો અનુસાર ચૂકવવામાં આવશે.

## ૨૦. જગ્યા / સેવાની પસંદગીનો ક્રમ :

(૧) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે ફકત જાહેરાતમાં દર્શાવેલ જગ્યા /સેવા માટે જ આયોગ દ્વારા નક્કી કરવામાં આવે તે પત્રકમાં દરેક જગ્યા /સેવા સામે પોતાની પસંદગી અનુસાર પોતાના સ્વહસ્તાક્ષરમાં જ પસંદગીક્રમ દર્શાવવાનો રહેશે.

(૨) રૂબરૂ મુલાકાતના દિવસે સરકારી તબીબી અધિકારી દ્વારા શારીરિક માપ લેવામાં આવશે.

(૩) નાયબ પોલીસ અધીક્ષક, વર્ગ–૧, અધીક્ષક નશાબંધી અને આબકારી, વર્ગ–૧ તથા અધીક્ષક નશાબંધી અને આબકારી, વર્ગ–૨ની જગ્યા માટે જે શારીરિક માપના ધોરણો નક્કી કરવામાં આવેલ છે તે ધોરણો તબીબી પરીક્ષણ બાદ સંતોષતા હશે તેવા જ ઉમેદવારો આ જગ્યાનો પસંદગીક્રમ આપી શકશે.

(૪) જે ઉમેદવારો શારીરિક માપના ધોરણો સંતોષતા નહીં હોય તેવા ઉમેદવારોએ આ જગ્યા સિવાયની જગ્યાઓ માટે પ્રેફરન્સ આપવાનો રહેશે.

(૫) ઉમેદવાર જે જગ્યા /સેવા માટે પોતાની પસંદગીનો ક્રમ એક વખત દર્શાવી દે તે ક્રમ કાયમી ગણવામાં આવશે તથા તેમાં કોઈપણ પ્રકારના ફેરફાર, સુધારા – વધારા, અથવા ક્રમાંક બદલવાની વિનંતી કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહિ.

(૬) ઉમેદવારોએ જણાવેલી જગ્યાઓ માટેના પ્રેફરન્સથી તે જગાઓ ઉપર નિમણૂકનો કોઈ હક્ક મળતો નથી.

(૭) ગુણવત્તાક્રમ અને પ્રાપ્ય જગ્યાઓની સંખ્યાને ધ્યાનમાં લઈનિ, ઉમેદવારે આપેલ પ્રેફરન્સ વિચારણામાં લેવામાં આવશે.

(૮) જે ઉમેદવારે એક પણ જગ્યા / સેવા માટે પસંદગીક્રમ દર્શાવ્યો ન હોય અથવા તો ફકત અમુક જ જગ્યા / સેવા માટે પસંદગી ક્રમ દર્શાવેલ હોય અને તેઓની પસંદગી ક્રમ મુજબની જગ્યા મળવાપાત્ર થતી ન હોય તો જે ઉમેદવારોએ તમામ જગ્યા / સેવા માટે પસંદગી ક્રમ દર્શાવેલ હોય તેવા ઉમેદવારોને જગ્યાની ફાળવણી કર્યા બાદ વધેલી જગ્યા ઉપર આવા ઉમેદવારોને જગ્યાની ફાળવણી કરવામાં આવશે.

(૯) ઉમેદવારની નિમણૂક જે તે જગ્યાના અમલમાં હોય તેવા ભરતી નિયમોને આધિન રહેશે.

(૧૦) ઉમેદવારને જે જગ્યા માટે નિમણૂક આપવામાં આવશે તે જગ્યા પર નિયત સમયમાં હાજર ન થાય તો તેઓની નિમણૂક રદ કરવામાં આવશે.

(૧૧) શારીરિક રીતે અશકત ઉમેદવારોના કિસ્સામાં જે તે જગ્યાના શારીરિક માપના ધોરણો લાગુ પડશે અને ઉમેદવારો આ જગ્યાઓ માટે જ પ્રેફરન્સ આપી શકશે.

## ૨૧. પરિણામ :

(૧) આખરી પરિણામ આયોગના નોટીસ બોર્ડ અને વેબસાઈટ પર મૂકવામાં આવશે અને આ પરિણામ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા માટે મોકલવામાં આવશે.

(૨) આ પરિણામમાં ઉમેદવારના નામ, બેઠક ક્રમાંક તેમજ મેળવેલ કુલ ગુણની વિગતો આપવામાં આવશે.

(૩) આ પરિણામમાં અસફળ થયેલ ઉમેદવારોના બેઠક ક્રમાંક અને તેઓએ મેળવેલ ગુણ આયોગના નોટીસ બોર્ડ પર મુકવામાં આવશે.

(૪) ઉક્ત જાહેરાત અન્વયે કોઇ પ્રતિક્ષાયાદી રહેશે નહી. ઉમેદવાર હાજર ન થાય/નિમણૂક ન સ્વિકારે તેવા કિસ્સામાં ખાલી રહેતી જગ્યાઓ આ ભરતી પ્રસંગ પછીના ભરતી પ્રસંગથી ભરવામાં આવશે.

## ૨૨. ગુણપત્રક :

(૧) મુખ્ય પરીક્ષાનું ગુણપત્રક મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ મૌખિક કસોટીને અંતે આખરી પરિણામ જાહેર થયા બાદ કામકાજના દિવસોએ સવારના ૧૧–૦૦ થી ૨–૦૦ અને બપોરના ૩–૦૦ થી ૫–૦૦ સુધીમાં રોકડેથી ફી અથવા આયોગ નક્કી કરે તે રીતે ફી ભરી આયોગને અરજી કરવાની રહેશે.

(૨) આ અરજીમાં ઉમેદવારે પરીક્ષાનું નામ, જાહેરાત ક્રમાંક, પોતાનું સરનામું બેઠક નંબર અને પરીક્ષાની વિગતો દર્શાવવાની રહેશે.

(૩) ઉમેદવારોને તેમનું ગુણપત્રક ટપાલમાં મોકલી આપવામાં આવશે. મૌખિક કસોટીને અંતે આખરી પરિણામ જાહેર થયાની તારીખથી ૧૫ દિવસની અંદર ગુણપત્રક માટેની અરજી મોકલવાની રહેશે. આ મુદત બાદ મળેલ અરજી અમાન્ય ગણાશે.

૨૩. ગુણની પુન: ચકાસણી :

(૧) જે ઉમેદવાર મુખ્ય પરીક્ષાના પોતાના ગુણની ચકાસણી કરાવવા ઈચ્છતા હોય તે ઉમેદવાર આયોગને મુખ્ય પરીક્ષાના પરિણામને આધારે રૂબરૂ મુલાકાતના અંતે આખરી પરિણામ જાહેર કર્યા તારીખથી ત્રીસ દિવસની અંદર દરેક પેપર દીઠ રૂ.૫૦–૦૦ ની ફી સાથે અરજી કરી શકશે.

(૨) ઉમેદવારે પરીક્ષાનું નામ, બેઠક નંબર, અને નામ/સરનામું દર્શાવવાનું રહેશે.

(૩) ફી અરજી સાથે રોકડેથી કે ભા.પો.ઓ. દ્વારા કચેરીના કાઉન્ટર પર સ્વીકારવામાં આવશે.

(૪) ઉમેદવાર ટપાલથી આ અરજી મોકલી શકશે. આવી અરજી સાથે માત્ર સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરના નામનો ક્રોસ્ડ ભા.પો.ઓ. મોકલવાનો રહેશે.

(૫) ઉત્તરવહીઓનું પુન: મૂલ્યાંકન (Revaluation) ફેર તપાસણી કોઈપણ સંજોગોમાં કરવામાં આવશે નહિ.

(૬) ગુણની પુન:ચકાસણી સિવાય ઉમેદવારે મેળવેલ ગુણ બાબતના કોઈપણ વિવાદને આયોગ લક્ષમાં લેશે નહિ.

૨૪. નિમણૂક :

(૧) ઉમેદવારોને નિમણૂક માટે સામાન્ય રીતે ગુણવત્તા ક્રમમાં વિચારવામાં આવશે. પરંતુ પરીક્ષામાં સફળ થવાથી નિમણૂક માટેનો હક્ક મળી જતો નથી.

(૨) રાજ્ય સેવામાં નિમણૂક માટે ઉમેદવાર બધી રીતે યોગ્ય છે એમ જરૂરી લાગે તેવી તપાસ પછી સરકારશ્રીને સંતોષ ન થાય તો તેવા ઉમેદવારની નિમણૂક કરવામાં આવશે નહિ.

(૩) નિમણૂક પામેલ ઉમેદવારે સરકારશ્રીના નિયમો મુજબની તાલીમ લેવી પડશે અને તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૪) ઉપરની જાહેરાત સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક માટે, સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે.

(૫) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી, સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

૨૫. અજમાયશી સમય :

(૧) નિમણૂક બાદ પસંદ થયેલા ઉમેદવારને બે વર્ષની મુદત સુધી અજમાયશ (probation) ઉપર રાખવામાં આવશે.

(૨) અજમાયશી સમય, સરકારશ્રીએ આ માટે નક્કી કરેલા નિયમોનુસાર વધારી શકાશે.

(૩) નિમણૂક બાદ ઉમેદવારે નિયમો મુજબ હિન્દી ભાષાની પરીક્ષા તથા સરકારશ્રી દ્વારા વખતોવખત નિયત કરવામાં આવે તેવી ખાતાકીય પરીક્ષાઓ પાસ કરવાની રહેશે.

(૪) જે ઉમેદવારોની માતૃભાષા ગુજરાતી ન હોય તેવા ઉમેદવારે સરકારે નિયત કરેલા નિયમો અનુસાર ગુજરાતી ભાષાની પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૫) પરીક્ષાઓમાં નાપાસ થવાના પરિણામે ઈજાફો અટકાવવામાં કે નોકરી સમાપ્ત કરવામાં આવશે.

(૬) પસંદ થયેલા ઉમેદવારોએ નિમણૂક પત્રમાં દર્શાવેલ સમયમાં ફરજ પર જોડાવાનું રહેશે અને ગુજરાત રાજ્યમાં ગમે ત્યાં કામગીરી બજાવવાની રહેશે.

**૨૬. Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત:-**

**આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તારીખ ૧૫/૦૭/૨૦૧૯, ૧૩:૦૦ કલાક થી તારીખ ૩૧/૦૭/૨૦૧૯ , ૧૩:૦૦ કલાક સુધીમાં** https://gpsc-ojas.gujarat.gov.in **પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૪)** Steps **અનુસરવાના રહેશે.**

**(૧) સૌ પ્રથમ** https://gpsc-ojas.gujarat.gov.in **પર જવું.**

**(૨) આ સાઈટ્નાં** Menu Bar **પર** "Online Application" **વિકલ્પ પર ક્લિક કરતા** "Apply" **નો વિકલ્પ દેખાશે ત્યાં ક્લિક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના** "Apply" **બટન પર ક્લિક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર** "Apply" **બટન પર ક્લિક કરીને ઓનલાઈન ફોર્મ ભરવાનાં પેજ પર જઈ શકશે. તેની નીચે** Apply Now **પર** Click **કરવાથી** Application Format **દેખાશે.** Application Format **માં સૌ પ્રથમ** "Personal Details **(ઉમેદવારની માહિતી)" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (★) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)** "Personal Details" **(ઉમેદવારની માહિતી)" માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.**

(૩) Personal Details **ભરાયા બાદ** "Communication Details **(સંદેશાવ્યવહારની માહિતી)" જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે.**

(૪) "Communication Details **(સંદેશાવ્યવહારની માહિતી)" ભરાયા બાદ**"Other Details **(અન્ય વિગતો)" માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, વિકલાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજ્ય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.**

(૫) "Other Details **(અન્ય વિગતો)" ભરાયા બાદ** "Language Details **(ભાષાની માહિતી)" માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.**

(૬) "Language Details **(ભાષાની માહિતી)" ભરાયા બાદ** "Upload Photograph **(ફોટો અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો ૦૫ સે.મી. લંબાઈ** X **૩.૬ સે.મી. પહોળાઈ નો ફોટો અપલોડ કરવાનો રહે છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને** signature **નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી)** (Photo **અને** Signature upload **કરવા સૌ પ્રથમ તમારો** Photo **અને** Signature .jpg Format**માં** (10 KB) **સાઇઝ થી વધારે નહીં તે રીતે** Computer **માં હોવા**

જોઇએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Choose File" Button ની નીચે "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા–ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે.

(૧૦) "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Experience Details (અનુભવની માહિતી)" માં ઉમેદવારે પોતે લાયકાત મેળવ્યા બાદ નો મેળવેલ અનુભવ/નોકરીના વર્ષ અને તારીખની ક્રમાનુસાર વિગતો ભરવી. "Add Experience" પર ક્લિક કરીને મેળવેલ અન્ય અનુભવની વિગતો નાખી શકાય.

(૧૧) "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ "Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી.

(૧૨) તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર "click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪). જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા–વધારા કરવાના હોય તો "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઇ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં.

નોધ:- One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે. તે કરવા માત્રથી આયોગની કોઇ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાતમાં Online કરેલ અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

૨૭. અરજી ફી :

(૧) બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે: ૧. પોસ્ટ ઓફીસમાં : સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ તા. ૩૧/૦૭/૨૦૧૯ સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે અને જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે જ અરજીપત્રક બિડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે R.P.A.D. / Speed post થી મોકલવાનાં રહેશે અથવા આયોગ ખાતે રૂબરૂમાં આપી જવાનાં રહેશે. ૨. ઓનલાઈન ફી : ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઈ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.

(૨) રાજ્ય બહાર વસતાં સામાન્ય કેટેગરીનાં ઉમેદવારોએ પોસ્ટ ઓફીસમાં પરીક્ષા ફી રૂ.૧૦૦/- ભરવાની રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. અથવા આ ઉમેદવારોએ રૂ.૧૦૦/- ના "સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર" ના નામના ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડરથી ફી જમા કરાવી શકશે.

(૩) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૪) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં.

(૫) મૂળ ગુજરાતના અનુ.જાતિ, બૌધ ધર્મ અપનાવેલ અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને શારીરિક અશક્તતા વાળા ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેતી નથી.

(૬) અશક્ત (Disabled) વ્યક્તિઓ તથા માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૭) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી.

(૮) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી પોસ્ટ ઓફીસ /નેટ બેંકીંગ દ્વારા જ સ્વીકારવામાં આવશે. રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ભારતીય પોસ્ટલ ઓર્ડર (રાજ્ય બહાર વસતાં સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો સિવાય ) કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહિ, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૯) તા.૧ લી જાન્યુઆરી ૧૯૬૪ના રોજ અથવા તે પછી પૂર્વ પાકિસ્તાનમાંથી સ્થળાંતર કરી ભારતમાં આવેલી નિર્વાસિત વ્યક્તિઓની બાબતમાં જો આયોગને સંતોષ થાય કે ઉમેદવારો ફી ચૂકવી શકે તેમ નથી તો યોગ્ય કિસ્સામાં ફી માફ કરવામાં આવશે.

(૧૦) આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

૨૮. અગત્યની સૂચના :

(૧) ઉમેદવારને પોતાની સાથે કોઈ સેલ્યુલર ફોન, પેજર અથવા બીજા કોઈ મોબાઈલ સંદેશા વ્યવહારના સાધનો પરીક્ષા ખંડમાં સાથે લઈ જવાની છૂટ નથી, જેના ભંગ બદલ ઉમેદવાર ચેતવણીઓમાં નિર્દિષ્ટ શિક્ષાને પાત્ર બનશે.

(૨) ઉમેદવાર પ્રિલિમિનરી પરીક્ષામાં કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકશે નહિ.

(૩) અંધ ઉમેદવારને જે લહિયો મળવાપાત્ર છે તે વ્યક્તિની શૈક્ષણિક લાયકાત સ્નાતકની પરીક્ષા પાસ કરેલ ન હોવી જોઈએ.

(૪) અંધ ઉમેદવારે જે લહિયો રાખવાનો હોય તેની સંપૂર્ણ વિગત-(૧) નામ (૨) સરનામું (૩) શૈક્ષણિક લાયકાતની ઝેરોક્ષ નકલ આયોગને પરીક્ષા અગાઉ મોકલી આપવાની રહેશે અને તેની મંજૂરી મળ્યાની તેઓને જાણ કરવામાં આવશે.

(૫) ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.

૨૯. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દૃષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી )

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ-મેઈલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય.

(૫) અનામત કક્ષાના તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) ઉમેદવારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય) પરંતુ તેના સમર્થનમાં પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા તો રજુ કરેલ પ્રમાણપત્રમાં તેઓનો અનુભવનો સમયગાળો, મુળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય,અનુભવનું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય તથા સક્ષમ સત્તાધિકારીની સહી વિનાનું હોય.

(૧૦) તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/DENTAL COUNCIL/ CCIM/ CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

## ૩૦. ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી, તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ / બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ વ્દારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો ,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યકિત વ્દારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય ,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડાકરેલ હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય ,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય ,

(૮) ઉત્તરવહી માં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી,પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત વ્દારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરિતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે,

(૧૦) આયોગ વ્દારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ વ્દારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ વ્દારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજ્ય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર વ્દારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર વ્દારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું– હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

- ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ ,માજી સૈનિક, શારીરિક અશકતતા ,મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.
- ઉપરોક્ત દર્શાવેલ જગ્યાની સંખ્યામાં ફેરફાર કરવાનો આયોગને અબાધિત અધિકાર રહેશે.

**નોંધ :** ગુજરાત વહીવટી સેવા, વર્ગ- ૧ અને ગુજરાત મુલ્કી સેવા, વર્ગ- ૧ અને ૨ની જગ્યાના ભરતી પરીક્ષા નિયમો, પરીક્ષાનો અભ્યાસક્રમ, ફી, અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની યાદી, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ઠ-'૪' નો નમૂનો, શારીરિક રીતે અશક્ત ઉમેદવારોએ રજુ કરવાના તબીબી પ્રમાણપત્રનો નમુનો, સરકારી કર્મચારીએ રજુ કરવાના ના વાંધા પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસ બોર્ડ અને આયોગની વેબસાઇટ **www.gpsc.gujarat.gov.in** ઉપર જોઇ લેવાની રહેશે. આ જાહેરાત સંબંધમાં વધુ માહિતી આયોગની કચેરીમાં, કચેરી સમય દરમ્યાન જરૂર જણાય તો ૦૭૯- ૨૩૨૫૮૯૮૦ ઉપરથી મળી શકશે.

**તા–૧૫–૦૭–૨૦૧૯**

# GUJARAT PUBLIC SERVICE COMMISSION

**Advt.No. 10/2019-20**

On line Applications are invited from 15-07-2019 (13-00 hours) to 31-07-2019 (13-00 hours) for the following posts of Gujarat Administrative Service Class-I & Gujarat Civil Service Class- I & II. The reservation for S.C., S. T., S. & E. B.C., E.W.S & Women candidates is as under. In case of non - avaiability of Women candidates, in the respective category, the post so reserved will be allotted to male candidates belonging to the same category.

| Name of Post | Total Posts | Category wise Posts | | | | | Category wise posts reserved for Women Out of Category wise Posts | | | | | Post reserved for Physically Disabled and Ex-Servicemen out of the total Posts | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Gen. | E.W.S | S.& E.B.C. | S.C. | S.T. | Gen. | E.W.S | S.& E.B.C. | S.C. | S.T. | Phy. Dis. | Ex-Ser. |
| **Class-1** | | | | | | | | | | | | | |
| Gujarat Administrative Service, Junior scale Deputy Collector / Deputy District Development Officer | 15 | 09 | 01 | 03 | 01 | 01 | 03 | 00 | 01 | 00 | 00 | 01 | 00 |
| Deputy Superintendent of police | 20 | 15 | 02 | 00 | 01 | 02 | 05 | 00 | 00 | 00 | 01 | 00 | 01 |
| District Registrar | 02 | 01 | 00 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| Superintendent Prohibition & Excise | 01 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| Asst. Commissioner Tribal Development | 02 | 02 | 00 | 00 | 00 | 00 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| Deputy Director, Scheduled Castes | 07 | 01 | 01 | 02 | 01 | 02 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| TOTAL | 47 | 29 | 04 | 06 | 03 | 05 | 10 | 00 | 01 | 00 | 01 | 01 | 01 |

| Class-2 | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Section Officer (G.P.S.C.) | 01 | 00 | 00 | 00 | 00 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| Assistant District Registrar | 10 | 05 | 00 | 01 | 02 | 02 | 01 | 00 | 00 | 01 | 01 | 01 | 00 |
| State tax Officer | 05 | 04 | 00 | 01 | 00 | 00 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| District Inspector Land Record | 05 | 00 | 03 | 01 | 00 | 01 | 00 | 01 | 00 | 00 | 00 | 00 | 00 |
| Tribal Development Officer | 04 | 04 | 00 | 00 | 00 | 00 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| Taluka Development Officer | 15 | 08 | 01 | 04 | 00 | 02 | 02 | 00 | 01 | 00 | 00 | 00 | 00 |
| Social Welfare Officer (S.C.) | 04 | 03 | 01 | 00 | 00 | 00 | 02 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| Superintendent Prohibition & Excise | 01 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| Assistant Director, Food & Civil Supply | 05 | 05 | 00 | 00 | 00 | 00 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| TOTAL | 50 | 30 | 05 | 07 | 02 | 06 | 08 | 01 | 01 | 01 | 01 | 01 | 00 |

**Note**:-

The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved category and the criteria will be applicable as per Unreserved Category.

**Educational Qualification.:-**

A candidate shall hold a Bachelor's degree of any University incorporated by an Act of the Parliament or State Legislature in India or other educational institution established by an Act of Parliament or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956 or possess an equivalent qualification recognized by Government.

A candidate who has appeared or intend to appear or awaiting result of final semester/year of the required qualification, can apply, but the candidate has to qualify and submit the required qualification as advertised before the last date of submitting application for mains examination. Also the candidate must have completed 20 years of age on the last date of online application.

**Pay Scale:-**

**For Class-I :** Pay Matrix Level No: 10- Rs.56,100-1,77,500 and other allowances (According to 7$^{th}$ Pay Commission)

**For Class-II :** Pay Matrix Level No: 8- Rs.44,900-1,42,400 and other allowances (According to 7th Pay Commission)

**Age**:-

A candidate shall not be less than 20 years of age and not be more than 35 years of age as on **31-07-2019** Age will be calculated as on the last date of receipt of application. Upper age limit shall be relaxed as under:

| | | |
|---|---|---|
| 1 | S.&E.B.C., E.W.S., S.C. & S.T. Male candidates of Gujarat origin. | 05 years (Maximum up to 45 years.) |
| 2 | Women candidates of unreserved Category | 05 years (Maximum up to 45 years.) |
| 3 | Women Candidates of Reserved Category | 10 years (including 05 years relaxation as Woman, Maximum up to 45 years.) |
| 4 | Physically disabled candidates | maximum up to 10 (ten) years subject to his / her ability to discharge duties attached to the posts, as may be performed by any other normal persons, on the bais of production of medical certificate prescribed by GAD circular dated 01-12-2008 from the Medical Board. (Maximum up to 45 years.) |
| 5 | Government Servant. | No relaxation in upper age will be available to Government Servant |
| 6 | Ex-servicemen / Officers | The length of military service (At least five years of military services) + 3 years |

(H.K.THAKAR)
Joint Secretary
Gujarat Public Service Commission